ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

**અખબારી યાદી** તા. ૦૩.૦૧.૨૦૨૩

**ખેડુતોનો બીજનો ભરોસો ગુજરાત રાજ્ય બીજ નિગમ લી. તેના છેલ્લા દિવસો ગણે છે. – મનહર પટેલ**

**ભાજપા સરકાર એક પછી ખેડુતો સાથે સંકાળેયલી સરકારી સંસ્થાઓ કે કંપનીઓનો ખુડદો બોલાવી રહી છે. – મનહર પટેલ**

ગુજરાત રાજ્ય બીજ નિગમ લી.ને છેલ્લા ૨૦ વર્ષથી સતત નબળી પાડવાનુ કામ રાજ્ય સરકાર કરી રહી છે, અપુરતો સ્ટાફ અને સંસાધનોને કારણે ખેડુતો બીયારણની ગુણવતા, ભાવ અને સમયે જથ્થાના પુરવઠાના પ્રશ્નોથી પરેશાન છે.

રાજ્ય સરકાર બીજ નિગમને દિવસેને દિવસે નબળુ પાડીને ખેડુતોને સંપુર્ણ ખાનગી બીજ ઉત્પાદક કંપનીઓ ઉપર નભતા કરી દીધા, અને ખેડુતો દર વર્ષે નકલી બિયારણનો ભોગ બની કરોડોનુ નુકશાની સહન કરી રહ્યા છે, અને કરોડો રુપિયાનો ધંધો રાજ્ય સરકાર ખાનગી બીજ ઉત્પાદક કંપનીના ખોળામા આપી રહી છે, આજે આવી અનેક ફરિયાદો સરકારી દફતરમા પેન્ડીગ પડી છે.તેનુ મુખ્ય કારણ રાજય સરકારનુ ખેડુતોના પ્રશ્નો અને સરકારી બીજ ઉત્પાદક કંપની (ગુરાબીની)ઉપરથી ધ્યાન હટી ગયુ છે.

આપણે સૌ જાણીએ છીએ કે દેશના પ્રધાનસેવક બુમો પાડીને વારંવાર કહેતા હતા કે ૨૦૨૨ મા ખેડુતોની આવક બમણી કરીશુ, અને આજે ૨૦૨૩ ની શરુઆત થઇ કોની આવક બમણી થઇ તે દેશ જાણે છે, અને આજે ખેડુતોની તમામ દિશામા દશા ભુંડી છે, એટલે દેશના પ્રધાનસેવકની એ વાત ખેડુતોને ગુમરાહ કરનારી હતી. આ પરિસ્થિતિમા હવે ખેડુતોની આવક બમણી થવાના દુર દુર કાઇ અણસાર દેખાતા નથી.

કૃષિ વિભાગની તમામ કચેરીઓમા અધિકારી/કર્મચારીઓનો સંખ્યા ૫૦ % કરતા ખાલી જગ્યા છે, તેના કારણે ખેડુતો તેના કામને લઈને પરેશાન છે, રાજ્ય સરકારનો તેના ભ્રષ્ટ તંત્ર ઉપર ભ્રષ્ટાચાર રોકવામા કે સરકારના બિન જરુરી ખર્ચ પર લગામ મુકવામા નિષ્ફળ છે. એટલે જ જીએલડીસી જેવા અગત્યના નિગમને તાળા મારવાનો વખત આવ્યો હતો.

ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા શ્રી મનહર પટેલ સ્પષ્ટ કહે છે કે ભુતકાળમા રાજ્ય સરકારના પરિણામો આપનારા બોર્ડ / નિગમો બંધ કરવાનુ આ ભાજપા સરકારનુ ખેડુત વિરોધી ષડયંત્ર છે અને આ ષડયંત્રનુ લક્ષ ખેડુતોની જમીન છીનવવાનુ છે. ભાજપા સરકાર આ સમજ સાથે સરકારી કંપનીઓને નબળી પાડી, ખોટ કરતી કરી અને છેલ્લે તાળા મારીને મિત્રોને હવાલે કરવાનુ એક જબરુ કારસ્તાન ચલાવી રહી છે.

**ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ. ગાંધીનગરનુ મહેકમ વર્ષ અને તેની જગ્યાની વિગત તેમની કચેરીએ આપેલી તા.૨૧ ઓક્ટોબર ૨૦૨૧ નારોજ જાહેર માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ અંતર્ગત માહિતી.**

| ક્રમ | મહેકમ વર્ષ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| **૧** | **૦૧.૦૧.૧૯૯૦** | **૩૫૬** | **૨૩૩** | **૧૨૩** |
| ૨ | ૦૧.૦૮.૧૯૯૫ | ૩૧૪ | ૨૩૨ | ૮૨ |
| ૩ | 30.0૬.2003 | ૨૭૬ | ૨૨૬ | ૫૦ |
| ૪ | ૦૧.૦૪.૨૦૦૬ | ૨૭૮ | ૨૧૭ | ૬૧ |
| ૫ | ૦૯.૦૯.૨૦૧૧ | ૨૨૯ | ૧૮૭ | ૪૨ |
| ૬ | ૦૧.૦૪.૨૦૨૦ | ૨૦૪ | ૧૦૯ | ૯૫ |
| **૭** | **૦૧.૦૪.૨૦૨૧** | **૨૦૪** | **૧૦૦** | **૧૦૪** |
| **૮** | **૦૧.૦૪.૨૦૨૨** | **૨૦૪** | **૫૬** | **૧૪૮** |

૧૯૯૦ મા કુલ ૩૫૬ કર્મચારીઓની મંજુરી વાળા મહેકમ સાથે કાર્યરત હતુ જે ૨૦૨૨ મા માત્ર ૫૬ જગ્યા ભરેલી છે. ઉપરથી નિગમનુ પરિણામ સૌની સામે આવી જ જાય છે.

ગુજરાતના ખેડુતોના માટે થોડા સીધા સવાલ રાજયના મુખ્યમંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રીને કરવા માંગુ છુ.

- ✓ રાજ્ય સરકાર અપુરતા સ્ટાફમા કઇ રીતે ગુજરાતના ખેડુતોને જરુરીયાત પુરતુ અને ગુણવતા સભર બીજ પુરુ પડી શકશે ?
- ✓ શુ રાજ્ય સરકાર ખેડુતોને બીજ નિગમ મારફત જરુરીયાત પુરતુ અને ઉચ્ચ ગુણવતા સાથેનો બીજ પુરવઠો પુરો પાડવા માંગતી નથી ?
- ✓ રાજ્ય સરકાર બીજ નિગમનુ મહેકમ ઘટાડી રહી છે તો શુ રાજ્ય સરકાર ગુજરાત રાજ્ય બીજ નિગમ લી. બંધ કરવા માંગે છે ?
- ✓ ગુજરાત રાજ્ય બીજ નિગમ લી. એ ખેડુતોને બીજ માટે ઉત્તમ ભરોસા ઉભો કરેલ જે ભાજપા સરકારે તોડ્યો છે, હવે ખેડુતોને બીજની જરુરીયાત પુરી પાડવા માટે ભાજપા સરકાર પાસે કોઇ બીજો વિકલ્પ છે ?

ગુજરાત કોંગ્રેસના પ્રવકતા શ્રી મનહર પટેલે રાજ્ય સરકાર સમક્ષ માંગ કરી છે કે ગુજરાત રાજ્ય બીજ નિગમ લી કંપનીને ખુટતુ મહેકમ અને તૃટીઓ પુર્ણ કરીને જેવી ખેડુતોની આશાસ્પદ કંપનીને તાળા મારવાની વહિવટી દિશામા બદલાવ કરે..

મનહર પટેલ
પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ